અપીલ અરજી નં.૩૭૭ તા.૨૫–૧–૧૦

અરજદારઃ શ્રી પટેલ હસમુખભાઈ હિરાભાઈ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેરઅને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પટેલ હસમુખભાઈ હિરાભાઈની તા.૮–૧૨–૦૯ ની અરજીથી મોજે ગામ જીઆવ ગ્રુપ ગ્રામ પંચાયતમાં ઘર નામ ઉપર કરવા માટે શ્રી હિરાભાઈ ચીમનભાઈ પટેલે આપેલ અરજીની નકલ સને–૧૯૬૯ થી ૧૯૭૫ ના સમય દરમ્યાન અરજી આપેલ છે તથા લખીબેન હિરાભાઈએ આપેલ અરજીની નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૫–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૭૭/૨૦૦૯–૧૦

શ્રી હસમુખભાઈ હીરાભાઈની તા.૮–૧૨–૦૯ની અરજીથી મોજે ગામ જીઆવ ગૃપ ગ્રામ પંચાયતમાં ઘર નામ ઉપર કરવા માટે શ્રી હીરાભાઈ ચીમનભાઈ પટેલે આપેલ અરજીની નકલ સને ૧૯૬૯ થી ૧૯૭૫ ના સમય દરમ્યાન અરજી આપેલ છે તથા લખીબેન હીરાભાઈએ આપેલ અરજીની નકલની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૫૮૫ તા.૨૪–૧૨–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૦૧–૧૦ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૬૨ તા.૫–૨–૧૦ થી કાયપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)ને જણાવવામાં આવેલ જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તરફથી પૂરક વિગતોનો પત્ર નં. સા.ઝોન/અકણ/૧૯૩૩ તા.૧૫–૨–૧૦થી અરજદારની મૂળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ જવાબના પત્ર નં.સા.ઝોન/ અકણ(આરટીઆઈ)/ ૧૫૮૫ તા.૨૪–૧૨–૦૯ની નકલ તથા અરજદારને પત્ર યુપીસીથી રવાનગી કયા અંગેના એકનોલેજમેન્ટની નકલ અત્રેના વિભાગને પૂરક માહિતીમાં મળેલ છે.

અરજદારની તા. ૮–૧૨–૦૯ની અરજી બાબતે "જીઆવ ગ્રામ પંચાયતનો સને : ૨૦૦૬ થી સુરત મહાનગરપાલિકામાં હદ વિસ્તરણ થવાથી સમાવેશ કરવામાં આવેલ છે. જેથી આપે માંગેલ માહિતી અત્રે ઉપલબ્ધ ન હોય, આપી શકાય તેમ નથી" તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ (આરટીઆઈ)/૧૫૮૫ તા.૨૪–૧૨–૦૯ થી અરજદારને આપવામાં આવેલ છે. તથા જાહેર માહિતી અધિકાર ધ્વારા અત્રેના વિભાગને મોકલવામાં આવેલ પૂરક વિગતોમાં પંચાયતના તબદીલ થયેલ રેકર્ડ પૈકી ફાઈલમાં કે ઠરાવ બુકમાં આ અંગેનો ઉલ્લેખ દશાવતો કોઈ રેકર્ડ ઉપલબ્ધ છે કે કેમ ? તે બાબતે "ગ્રામ પંચાયતના તબદીલ થયેલ રેકર્ડ પૈકી ફાઈલમાં કે ઠરાવ બુકમાં આ અંગેનો ઉલ્લેખ દશાવતો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી" એવું જણાવેલ છે.

અરજદાર ધ્વારા તા.૨૫–૧–૧૦ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જેમાં જયારે પણ ગ્રામ પંચાયતમાં મકાનો નામ ઉપર કરવામાં આવે તે સમયે નામ ઉપર કરવા અંગે પંચાયતમાં અરજીઓ આપવામાં આવે છે અને તેનો નિકાલ ગ્રામ પંચાયતની સભામાં ઠરાવ ધ્વારા નિકાલ કરવામાં આવે છે. જેથી હમોએ માંગેલ માહિતી (૧) ચીમનભાઈ બીજલાભાઈના નામ ઉપરથી સામુભાઈ ચીમનભાઈ ત્યાર બાદ એજ મકાન નંદીબેન સામુભાઈ ઉપર કરવામાં આવ્યું તે દરમ્યાનના ઠરાવની નકલ (૨) ચીમનભાઈ બીજલાના નામ ઉપરથી ગંગાબેન ચીમનભાઈ ત્યારબાદ એજ મકાન નગીનભાઈ ચીમનભાઈના નામ ઉપર કરવામાં આવેલ છે. જે અંગેના ઠરાવ પણ ઠરાવ બુકમાંથી મળી શકે એમ છે. તથા એ અંગેની નોંધ આવેલ અરજીનો નિકાલ કરવામાં આવે તે દરમ્યાન અરજી ઉપર પણ એની નોંધ કરેલ હશે. જેથી ઉપરોકત નંબર (૧) અને (૨) માં જણાવેલ વિગતવાળી ઠરાવની નકલો આપવા બાબતે અપીલ કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨ (એફ) અને (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.અરજદારે પણ અપીલ તબકકે માત્ર ધારણા દર્શાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૧૨–૦૯ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ દફતરી હકીકત અનુસાર પૂરી પાડેલ જણાય છે. જેથી અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો હુકમ મળ્યાથી દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી નિર્દિષ્ટ ઠરાવબુક કે ફાઈલની તપાસણી કરવા સ્વતંત્ર છે. જે અંગે તેમણે આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરવાની રહેશે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૧૦

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન.....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પટેલ હસમુખભાઈ હિરાભાઈ